# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જાહેરાત ક્રમાંકઃ ૩૦૪/૨૦૨૫૨૬, વર્ક આસિસ્ટન્ટ, વર્ગ–૩ સંવર્ગની સુધારા

## જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની **વર્ક આસીસ્ટન્ટ**, વર્ગ–૩ સંવર્ગની કુલ– **૫૧૩** જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે ભરવા માટે તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઉક્ત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ સંદર્ભે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તરફથી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થતી જગ્યામાં સુધારો થતાં **કુલ–૫૧૩** જગ્યાના સ્થાને હાલ ભરવાની થતી **કુલ–૮૭૨** જગ્યા અંગેના સુધારા માંગણીપત્રક મળેલ છે. જેના અનુસંધાને જા.ક્ર.૩૦૪/૨૦૨૫૨૬, **વર્ક આસીસ્ટન્ટ**, વર્ગ–૩ની સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓમાં વધારો થાય છે.

આથી તા. ૦૫/૦૫/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતના પૃષ્ઠ ૧ પરના ક્રમ–**5** માં દર્શાવેલ કુલ–૫૧૩ જગ્યાના સ્થાને નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની **કુલ–૮૭૨** જગ્યાઓ ભરવાની થાય છે. જે સંબંધિત ઉમેદવારોને ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ.વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ.પ. વર્ગ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| **૩૦૪/ ૨૦૨૫૨૬ વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩** | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર | ૮૭૨ | ૩૪૩ | ૮૭ | ૫૮ | ૧૫૪ | ૨૩૦ | ૧૧૩ | ૨૯ | ૧૯ | ૫૧ | ૭૬ | ૧૪ | ૮૭ |

જાહેરાતના પૃષ્ઠ ૨ પરના ક્રમ–**5** (5.1)માં દર્શાવેલ દિવ્યાંગ અનામતની કુલ–૦૦ જગ્યાના સ્થાને હવે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગ અનામતની **કુલ–૧૪** જગ્યાઓ ભરવાની થાય છે.

| કુલ જગ્યાઓ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલા અને નબળા સ્નાયુ | સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી | બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
|---|---|---|---|---|---|
| | A | B | C | D | E |
| ૧૪ | ૦૪ | ૦૪ | ૦૩ | ૦૩ | |
| | LV (40-70%) | D, HH | OA , BL, OL LC, CP, Dw, AAV, SD, SI | ASD(M, MoD), ID, SLD, MI (40-70%), MD (40-70%) | |

**LV** (low Vision), **D** (Deaf), **HH** (Hard of Hearing), **OA** (One Arm), **BL** (Both Leg), **OL** (One leg), **CP** (Cerebral Palsy), **LC** (Leprosy Cured), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victim), **SD** (Spinal Deformity), **SI** (Spinal Injury), **ASD** (Autism Spectrum Disability M- Mild, MoD-Moderate), **MI** (Mental Illness), **MD** (Multiple Disabilities) Disabilities included in Group A to D

ઉકત ઓન–લાઈન અરજી કરવા માટેનો સમયગાળો **તા.૨૧/૦૭/૨૦૨૫** (સમય ૧૪:૦૦ કલાક) થી **તા.૩૧/૦૭/૨૦૨૫** (સમય ૨૩:૫૯ કલાક) સુધી લંબાવવામાં આવે છે. ફી **તા.૦૩/૦૮/૨૦૨૫** (સમય ૨૩.૫૯ કલાક) સુધી ઓન–લાઇન ભરી શકાશે.

વધુમાં મૂળ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અંગે કટઓફ **તા.૦૩/૦૬/૨૦૨૫** ના બદલે **તા.૩૧/૦૭/૨૦૨૫** રહેશે તથા વયમર્યાદા અંગે કટઓફ **તા.૦૩/૦૬/૨૦૨૫** રહેશે.

જા.ક્ર.૩૦૪/૨૦૨૫૨૬ અન્વયે જગ્યાઓમાં થયેલ સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઇઓ/બાબતો તા.૦૫/૦૫/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે, જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળ: ગાંધીનગર

તારીખ: ૧૯/૦૭/૨૦૨૫

**સચિવ**

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**